


અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૩-૧૨-૨૦૨૩ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ માગસર સુદ ૧૧ વર્ષ : ૨૮ અંક ૧૧૩

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી







આપની નજીકનાં મેડિકલ અને આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ Customer Care No.: 1800 419 0807 contact@kayamchurna.com

## બગસરા માર્કેટયાર્ડમાં ભાજપ પ્રેરિત પેનલ બિનહરીફ (૨)




**જમીન વેચવાની છે**
ફાર્મહાઉસ બનાવવા લાયક નદી કાંઠે જમીન વેચાવ છે. ધારીનાં ખીચા ગામથી માત્ર ૧.૫ કિ.મી.ના અંતરે ધારી - અમરેલી હાઇવે પરથી જુના ખીચા રોડ પર માત્ર ૩ કિ.મી.ના અંતરે સાડા ત્રણ વિઘા (ગાયકવાડી મોટા વિઘા). દાર, મોટર, વિજ કનેક્શન સાથે ચાલુ જમીન
સંપર્ક : મો.૯૭૨૫૯ ૫૮૫૯૫

ભગવાન સૌનું ભલુ કરો...



– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ



"સેવા વર્ષ" ઉજવણી (1998-2023) 25 "રજત જયંતિ"

સેવાનો માસ 51 Years

સ્નેહભર્યું નિમંત્રણ
વ્હાલા ભેરું મુકેશ સંઘાણી ના અવતરણદિને વધામણાં !!

સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી

માનવતાનો મનેખ એટલે આપણો મુકેશ સંઘાણી | સેવાનો સારથી એટલે આપણો મુકેશ સંઘાણી | મિત્રોનો મદદગાર એટલે આપણો મુકેશ સંઘાણી

એવા ગમતીલા ભેરૂડા

## મુકેશ સંઘાણીના જન્મદિવસના વધામણાંના અવસરે

જિલ્લાના સેવાર્થીઓ અને સેવાકીય સંસ્થાઓના સન્માનના પ્રસંગે
આપને સાદર આમંત્રિત કરતાં હર્ષ અનુભવીએ છીએ!

તારીખ : ૨૪ - ડિસેમ્બર, ૨૦૨૩, રવિવાર
સમય : સાંજના ૪-૩૦ કલાકે
સ્થળ : તપોવન આશ્રમ ધારી રોડ, અમરેલી

નિમંત્રક
**મુકેશ સંઘાણી જન્મદિવસ ઉજવણી સમિતિ**

નમ્ર અપીલ
ભેટ, મોમેન્ટો, શાલ, ફુલહાર કે પુષ્પગુચ્છ કે અન્ય કોઇ વસ્તુ લાવશો નહી.
આપનો સ્નેહ, લાગણી અને ઉપસ્થિતિ એજ મુકેશભાઇ સંઘાણી માટે અમૂલ્ય ભેટ છે.

### શ્રી મુકેશભાઈ સંઘાણી જન્મદિવસ ઉજવણી તા. 23-12-2023, શનિવાર ના સેવાકીય કાર્યક્રમ

| | સંસ્થાનું નામ... | કાર્યક્રમનું નામ... | સ્થળ... | સમય... |
|---|---|---|---|---|
| 1. | વિવેકાનંદ યુવક બોર્ડ | ફૂડ પેકેટ વિતરણ | રોકડીયાપરા પ્રાથમિક શાળા | સવારે 8 થી 11 કલાકે |
| 2. | રોટરી કલબ ઓફ અમરેલી સીટી | ફૂડ પેકેટ વિતરણ | જેશીંગપરા કુમાર શાળા | સવારે 8 થી 11 કલાકે |
| 3. | બજરંગદળ | ફૂડ પેકેટ વિતરણ | હનુમાનપરા પ્રાથમિક શાળા | સવારના 8 થી 11 કલાકે |
| 4. | નિલકંઠ સેવા ટ્રસ્ટ-જેસિંગપરા | ફૂડ પેકેટ વિતરણ | જેશીંગપરા કન્યા શાળા | સવારના 8 થી 11 કલાકે |
| 5. | નરેન્દ્રમોદી વિચારમંચ | ફૂડ પેકેટ વિતરણ | કન્યાશાળા હરિરોડ | સવારે 8 થી 11 કલાકે |
| 6. | બાપાસિતારામ યુવક મંડળ | ફૂડ પેકેટ વિતરણ | ભોજલપરા પ્રાથમિક શાળા | સવારે 8 થી 11 કલાકે |
| 7. | નરેન્દ્રમોદી વિચારમંચ | ફૂડ પેકેટ વિતરણ | સુખનિવાસ પ્રાથમિક શાળા | સવારે 8 થી 11 કલાકે |
| 8. | વિવેકાનંદ યુવક બોર્ડ | એજયુકેશન કીટ વિતરણ | બહારપરા કન્યા પ્રા. શાળા | સવારે 8 થી 11 કલાકે |
| 9. | અમરેલી શહેર યુવા ભાજપ | એજયુકેશન કીટ વિતરણ | બહારપરા કુમાર પ્રા. શાળા | સવારે 8 થી 11 કલાકે |
| 10. | અશ્વમેઘ ગ્રૃપ | ફૂડ પેકેટ વિતરણ | પોલીસલાઇન પ્રા. શાળા | સવારે 8 થી 11 કલાકે |
| 11. | બજરંગદળ | પૌષ્ટીક આહાર | આર્ય ભટ્ટ ઇંગ્લીશ સ્કુલ | સવારના 8 થી 11 કલાકે |
| 12. | અમરેલી શહેર ભાજપ પરિવાર | પૌષ્ટીક નાસ્તા | માણેકપરા પ્રાથમિક શાળા | સવારના 8 થી 11 કલાકે |
| 13. | ટાવરચોક વેપારી એસોશિએશન | ભોજન ટીફીન સેવા | શ્રવણ પ્રસાદ કેન્દ્ર | બપોરના 11.00 કલાકે |
| 14. | ઇનર વ્હીલ કલબ | ડ્રેસ વિતરણ | મહિલા અંધશાળા | બપોરના 12.00 કલાકે |
| 15. | ઇનર વ્હીલ કલબ | સ્વેટર વિતરણ | અનુ.જાતિ કન્યા છાત્રા.કેરીયારોડ | બપોરના 1.00 કલાકે |
| 16. | શ્રી લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | બટુક ભોજન | રેલ્વે ફાટક, હનુમાન પરા | સાંજના 5.45 કલાકે |
| 17. | રામેશ્વર ધૂન મંડળ | બટુક ભોજન | રામેશ્વર મહાદેવ, ચક્કરગઢ રોડ | સાંજના 6.00 કલાકે |
| 18. | વેપારી મહામંડળ | સાંજનું ભોજન | અંધશાળા, ચિત્તલરોડ | સાંજના 7.30 કલાકે |

### શ્રી મુકેશભાઈ સંઘાણી જન્મદિવસ ઉજવણી તા. 24-12-2023, રવિવાર ના સેવાકીય કાર્યક્રમ

| | સંસ્થાનું નામ... | કાર્યક્રમનું નામ... | સ્થળ... | સમય... |
|---|---|---|---|---|
| 1. | લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ) | કામધેનુ ગૌશાળા | લીલીયા રોડ | સવારે 8.00 કલાકે |
| 2. | રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) | હેલ્થ ચેકઅપ કેમ્પ | બહેરા મુંગા શાળા | સવારના 8.30 કલાકે |
| 3. | રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) | સવારનો નાસ્તો | બહેરા મુંગા શાળા | સવારના 8.30 કલાકે |
| 4. | રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) | સગર્ભા રાશન કીટ વિતરણ | બહેરા મુંગા શાળા | સવારના 9.00 કલાકે |
| 5. | રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) | કેન્સર ડિટેક્શન વેન | બહેરા મુંગા શાળા | સવારના 9 થી 12 કલાકે |
| 6. | હિન્દ યુવા ગ્રૃપ | હેલ્થ ચેકઅપ કેમ્પ | રાજકમલ ચોક | સવારે 9.00 થી 12.00 |
| 7. | યુવા શક્તિ મિત્ર મંડળ | હેલ્થ ચેકઅપ કેમ્પ | સિનિયર સિટીઝન પાર્ક | સવારે 9.00 થી 12.00 |
| 8. | વેપારી મહામંડળ અમરેલી | સવારનો નાસ્તો | બાળ વાત્સલ્ય કેન્દ્ર | સવારના 9.15 કલાકે |
| 9. | લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) | ગૌશાળા નિરણ | સંત મુળદાસ ગૌશાળા | સવારના 9.15 કલાકે |
| 10. | આર્ટ ઓફ લીવીંગ | હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ | અમરેલી સિવિલ હોસ્પિટલ | સવારના 9.15 કલાકે |
| 11. | ઇનર વ્હીલ કલબ | રેડ રિવોલ્યુશન | કન્યા છાત્રાલય, કેરિયા રોડ | સવારના 10.00 કલાકે |
| 12. | રોટરી કલબ ઓફ અમરેલી મેઈન | વેફર અને બિસ્કિટ વિતરણ | કુંકાવાવ રોડ, સ્લમ વિસ્તાર | સવારના 10.00 કલાકે |
| 13. | દ્વારકેશ ગ્રૃપ | અનાજ કીટ વિતરણ | જરૂરિયાતમંદ પરિવારોને | સવારે 10.00 થી 12.00 |
| 14. | સારહિ યુથ કલબ ઓફ અમરેલી | બ્લડ ડોનેશન કેમ્પ | તપોવન આશ્રમ | સવારે 10.00 થી 8.00 |
| 15. | લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન | ગૌશાળા નિરણ | પાંજરાપોળ | સવારના 10.15 કલાકે |
| 16. | નિલકંઠ સેવા ટ્રસ્ટ-જેસિંગપરા | સગર્ભા પોષણ કીટ વિતરણ | જેસિંગપરા | સવારના 10.30 કલાકે |
| 17. | નિલકંઠ સેવા ટ્રસ્ટ-જેસિંગપરા | ટીબીના દર્દી માટે પોષણ કીટ | જેસિંગપરા | સવારના 10.50 કલાકે |
| 18. | નિલકંઠ સેવા ટ્રસ્ટ-જેસિંગપરા | ગૌશાળા નિરણ | ભોજલરામ ગૌશાળા | સવારના 11.00 કલાકે |
| 19. | રઘુવંશી મિત્ર મંડળ | રાશન કીટ વિતરણ | જલારામ મંદિર, લીલીયારોડ | સવારના 11.00 કલાકે |
| 20. | સરદારધામ | બપોરનું ભોજન | માનસિક વિકાસ કેન્દ્ર, મણિનગર | બપોરના 11.30 કલાકે |
| 21. | સુખનાથ મંદિર ચોક યુવક મંડળ | અન્નક્ષેત્ર ભોજન | રામજી મંદિર | બપોરના 12.00 કલાકે |
| 22. | મહાદેવ ચોક યુવક મંડળ-માણેકપરા | બપોરનું ભોજન | મહિલા અંધ શાળા, મણિનગર | બપોરના 12.00 કલાકે |
| 23. | લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ) | બપોરનું ભોજન | મહિલા વિકાસ ગૃહ | બપોરના 12.15 કલાકે |
| 24. | ભાગ્ય લક્ષ્મી ક્રેડિટ સોસાયટી | દીકરીઓને મોજડી અને મોજા | મહિલા વિકાસ ગૃહ | બપોરના 12.15 કલાકે |
| 25. | ઈનર વ્હીલ કલબ | સ્વેટર વિતરણ | મહિલા અંધશાળા | બપોરના 12.30 કલાકે |
| 26. | મુકેશ સંઘાણી મિત્ર મંડળ | ભોજન | દિકરાનું ઘર | બપોરના 12.30 કલાકે. |
| 27. | અમરેલી શહેર યુવા બ્રહ્મસમાજ | વેફર અને બિસ્કિટ વિતરણ | લીલીયારોડ, સ્લમ વિસ્તાર | બપોરના 4.00 કલાકે |
| 28. | ખોડલધામ મહિલા સમિતિ - અમરેલી જિલ્લો | વિધવા બહેનોને રાશન કીટ વિતરણ | ખોડલધામ કાર્યાલય | બપોરના 4.00 કલાકે |
| 29. | નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ | કુપોષિત બાળકોને કીટ | તપોવન આશ્રમ | બપોરના 4.30 કલાકે |
| 30. | રોટરેક્ટ કલબ ઓફ મેઈન અમરેલી | એજયુકેશન કીટ વિતરણ | ગાયત્રીમંદિર પાસે | સાંજના 5.00 કલાકે |
| 31. | મારૂતિ નંદન ચેરીટેબલ ટ્રસ્ટ | સાંજનું ભોજન | સ્લમ વિસ્તાર | સાંજના 6.00 કલાથી |
| 32. | અશ્વમેઘ ગ્રૃપ | ગાયોને નીરણ | ઓમનગર કોમન પ્લોટ | સાંજના 6.00 કલાકે |
| 33. | સરદારધામ | ધાબળા વિતરણ | કુંકાવાવ રોડ | રાત્રીના 9.30 કલાકે |
| 34. | સુખનાથપરા યુવક મંડળ | ધાબળા વિતરણ | સેવા વસ્તી | રાત્રીના 10.00 કલાકે |
| 35. | લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન | ધાબળા વિતરણ | સાવરકુંડલા રોડ | રાત્રીના 10.00 કલાકે |
| 36. | લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી | ધાબળા વિતરણ | જેશીંગપરા | રાત્રીના 10.00 કલાકે |

| | સંસ્થાનું નામ... | કાર્યક્રમનું નામ... | સ્થળ... | સમય... |
|---|---|---|---|---|
| 1. | મહાદેવ ગ્રૃપ તથા ગ્રીન ગ્રૃપ | નાસ્તા વિતરણ | સ્લમ વિસ્તાર, ખાંભા | સવારના 8.30 કલાકે |
| 2. | માધવ યુવક મંડળ | નેત્ર નિદાન કેમ્પ + ભોજન | વિજપડી | સવારના 9.00 કલાકે |
| 3. | લીલીયા ચેમ્બર ઓફ કોમર્સ | ફ્રુટ વિતરણ | સિવિલ હોસ્પીટલ, લીલીયા | સવારના 9.30 કલાકે |
| 4. | સહયોગ ગ્રૃપ | નાસ્તા વિતરણ | સ્લમ વિસ્તાર, રાજુલા | સવારના 10.00 કલાકે |
| 5. | મુકેશ સંઘાણી મિત્ર મંડળ | ફ્રુટ વિતરણ | સિવિલ હોસ્પીટલ, રાજુલા | સવારના 10.00 કલાકે |
| 6. | કેશરી કલબ ઓફ લાઠી | ફ્રુટ વિતરણ | સિવિલ હોસ્પીટલ, લાઠી | સવારના 10.00 કલાકે |
| 7. | કોળી સમાજ યુવા ગ્રૃપ | બાળકોને નાસ્તા વિતરણ | જાફરાબાદ | સવારના 10.00 કલાકે |
| 8. | બજરંગ ગ્રૃપ - ધારી | ફ્રુટ/ધાબળા વિતરણ | સિવિલ હોસ્પીટલ, ધારી | સવારના 10.00 કલાકે |
| 9. | દામનગર ચેમ્બર ઓફ કોમર્સ | ફ્રુટ -ધાબળા વિતરણ | સિવિલ હોસ્પીટલ, દામનગર | સવારના 11.00 કલાકે |
| 10. | શિવા ગ્રૃપ, બગસરા | શૈક્ષણિક કીટ વિતરણ | સેવા વસ્તી, બગસરા | સવારના 11.00 કલાકે |
| 11. | સરદાર યુવા સોશિયલ ગ્રૃપ તથા યુવા મોરચો બાબરા શહેર | ફ્રુટ/નાસ્તા વિતરણ | સ્લમ વિસ્તાર, બાબરા | સવારના 11.00 કલાકે |
| 12. | સાંઇનાથ યુવક મંડળ | હરિના બાળકોને ભોજન | માનવ મંદિર, સાવરકુંડલા | બપોરના 12.00 કલાકે |
| 13. | વડીયા ચેમ્બર ઓફ કોમર્સ | ભૂખ્યાને ભોજન | વડીયા | બપોરના 12.00 કલાકે |
| 14. | શહેર/તાલુકા ભાજપ પરિવાર | ભોજન | માનવ દિવ્યાંગ આશ્રમ, ગારીયાધાર | બપોરના 12.00 કલાકે |
| 15. | તાલુકા ભાજપ પરિવાર | રામ રોટી ઘરમાં મિષ્ટાન | કુંકાવાવ | બપોરના 12.00 કલાકે |
| 16. | મુકેશ સંઘાણી મિત્ર મંડળ | ભોજન | વૃધ્ધાશ્રમ, મહુવા | બપોરના 12.30 કલાકે |
| 17. | સમસ્ત વેપારી મહામંડળ, ચલાલા | નાસ્તા વિતરણ | સ્લમ વિસ્તાર, ચલાલા | સાંજના 4.00 કલાકે |

ચુંટણીની પ્રક્રિયા આડે ગણતરીના કલાકો બાકી હતા અને અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિન સાવલીયાને જવાબદારી સોંપવામાં આવી અને આખુ માર્કેટયાર્ડ બિનહરીફ થયું

# બગસરા માર્કેટયાર્ડમાં ભાજપ પ્રેરિત પેનલ બિનહરીફ

## શ્રી દિલીપ સંઘાણીના માર્ગદર્શનમાં સહકારી ક્ષેત્રે સહકારની ભાવના સિધ્ધ થઇ : બગસરા માર્કેટયાર્ડમાં તમામ વિભાગની તમામ બેઠક બિનહરીફ થઇ

## શ્રી કાંતીભાઇ સતાસીયા, શ્રી વિરજીભાઇ ઠુંમર, શ્રી બાબુભાઇ સખવાળા, શ્રી રવજીભાઇ પાનસુરીયા જેવા ધુરંધરો બગસરા યાર્ડમાં બિનહરીફ વિજેતા થયાં



બગસરા, બગસરા માર્કેટિંગ યાર્ડ પ્રથમવાર ૬૦વર્ષે બિનહરીફ જાહેર થઈ હતી જેમાં ૧૦ ખેડૂત પ્રતિનિધિ ૪વેપારી વિભાગ અને એક સંઘ ના પ્રતિનિધિ સદંતર બિનહરીફ ચૂંટણી અધિકારી શ્રી બિમલ પટેલ અમરેલી જિલ્લા ખેતીવાડી ઉત્પન્નબજાર સમિતિ રજીસ્ટાર એ જાહેર કર્યા હતા જેમાં ખેડૂત વિભાગ માથી કાનાણી ગોરધનભાઈ પોપટભાઈ, સતાસિયા કાંતિભાઈ શંભુભાઈ, પાનસુરીયા રવજીભાઈ લક્ષ્મણભાઈ, સતાસિયા રમેશભાઈ કાળુભાઈ, સખવાળા બાબુભાઈ ભાણાભાઈ, સાંગાણી મનસુખભાઈ ફુલભાઈ, રાંક દેવરાજભાઈ પરસોતમભાઈ, વેકરીયા કાંતિભાઈ જાદવભાઈ, અંટાળા ગોપાલભાઈ ભીખાભાઈ, મોવલિયા જલ્પેશભાઈ બાવાભાઈ તેમજ વેપારી વિભાગ માથી મુસાણી આશિફભાઈ જાનમોહમ્મદભાઈ, રફાળીયા સંજયભાઈ મનસુખભાઈ, ગોસાઈ મહેન્દ્રપરી ભોજપુરી, ડેરૈયા રાજુભાઈ દેવજીભાઈ તેમજ સહકારી ખરીદ વેચાણ મંડળીઓ નો મતદાર વિભાગ માથી ઠુમ્મર વિરજીભાઈ કેશવભાઈ આમ ૧૫ સભ્યો બિનહરીફ જાહેર કર્યા હતા તેમ બગસરા એપીએમસી ના ઈન્ચાર્જ સેક્રેટરી રાજેશભાઈ ઠુમ્મર દ્વારા માહિતી આપવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટી પ્રેરિત તમામ ઉમેદવાર બિનહરીફ થયા એ બદલ ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી તેમજ અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલિયા તેમજ ગુજરાત વિધાનસભા મુખ્ય નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ ધારી-બગસરા વિધાનસભા ધારાસભ્ય શ્રી જે.વી કાકડિયા તેમજ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખશ્રી રાજુભાઈ કાબરીયા તેમજ અમરેલી જિલ્લા મહામંત્રીશ્રી મેહુલભાઈ ધોરાજીયા તેમજ બગસરા તાલુકા ભાજપ પ્રમુખશ્રી પ્રદીપભાઈ ભાખર તેમજ બગસરા તાલુકા ભાજપ મહામંત્રીશ્રી ખોડાભાઈ સાવલિયા, પ્રકાભાઈ પરમાર ના મહેનત થી ઉમેદવાર બિનહરીફ થયા તેમજ શ્રી દિલીપભાઈ સંઘાણી દ્વારા તમામ બિનહરીફ શ્રી દેવરાજભાઈ રાંક, સાંગાણી મનસુખભાઈ, વેકરીયા કાંતિભાઈ, મોવલીયા જલ્પેશભાઈ,અંટાળા ગોપાલભાઈ, સખવાળા બાબુભાઈ ઉમેદવારને અભિનંદન પાઠવ્યા.

## અમરેલી જિલ્લા કોંગ્રેસના નવનિયુકત પ્રમુખશ્રી પ્રતાપભાઇ દુધાતે પુર્વપ્રમુખ શ્રી પંકજભાઇ કાનાબારનું સન્માન કર્યુ

### લોકસભામાં વિજય મેળવવા પાર્ટી માટે કામે લાગી જવા આહવાન કરતા શ્રી પંકજ કાનાબાર



અમરેલી, અમરેલી જિલ્લા કોગ્રેસ ના બાહોશ સફલ પૂર્વ પ્રમુખ શ્રી પંકજભાઈ કાનાબાર નુ નવ નિયુક્ત જિલ્લા કોગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે કરતા શ્રી કાનાબારે જણાવેલ કૈ તેઓ કોગ્રેસ પાર્ટીના અને અમરેલી જિલ્લા ના કોગ્રેસ ના પાયાના કાર્યકરો ના રુણી છે અને તૈમના પ્રમુખ કાલમા જવલંત સફલતાનો યશ સામે બેઠેલા પાયાના કાર્યકરોને આપતા જણાવેલ કે માજી યુવા ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાત પણ ખુબ બાહોશ અને શકિતશાલી પ્રમુખ બનયા છે અને કોગ્રેસ ના કાર્યકરોને ૨૦૨૪ લોકસભામા અમરેલી બેઠકનો જવલંત વિજય મેલવવા ખંતથી આપસના મતભેદો ભુલી પાર્ટી માટે કામે લાગી જવા વિનંતી કરેલ શ્રી પંકજભાઈ એ સન્માનનો હાર પહેરવાની ના પાડી અને મોટી સંખ્યામા આવેલ પાયાના કાર્યકરોનુ સન્માન કરવા જણાવેલ. કોગ્રેસના કપરા સમયમા પાયાના વરસો જુના આગેવાનો અને કાર્યકરો જ કોગ્રેસ ને જીવંત રાખે છે માટે સાચા સન્માનના હકદદાર તેઓ જ છે અમે તો સંગઠન ચલાવનાર નિમીત છીએ.

## બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, અમરેલી દ્વારા ૨૪ ડિસેમ્બરે રક્તદાન યજ્ઞ યોજાશે

### જન્મજયંતી પ્રસંગે રેડક્રોસ સોસાયટી બ્લડ બેંકને એકત્ર થયેલ રકત અપાશે

અમરેલી,સમગ્ર ગુજરાતમાં હર્ષોલ્લાસ સાથે બી.એ.પી.એસ સ્વામીનારાયણ સંસ્થાન દ્વારા પૂ. પ્રમુખ સ્વામી મહારાજના ૧૦૧માં જન્મજયંતીપ્રસંગે ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમના ભાગરૂપે અમરેલી બી.એ.પી.એસ સ્વામીનારાયણ મંદિર દ્વારા આગામી તા.૨૪ ડિસેમ્બર,૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૮.૩૦ વાગ્યાથી ૧૧.૩૦ દરમિયાન રક્તદાન યજ્ઞનું આયોજન હાથ ધરવામાં આવશે. આ રક્તદાન યજ્ઞમાં જમા કરવામાં આવનાર રક્ત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી,બ્લડ બેંક અમરેલીને આપવામાં આવશે. આ રક્તદાન યજ્ઞમાં ભાગ લેવા ઉપરાંત પધારવા માટે અમરેલી શહેર તથા આજુબાજુના તમામ ગામના હરિભક્ત નાગરિકોને બી.એ.પી.એસ સ્વામીનારાયણ મંદિર,અમરેલી દ્વારા સહર્ષ નિમંત્રણ પાઠવવામાં આવે છે.

## અમરેલીના નાના ભંડારીયામાં ૪ વર્ષની બાળકીનું જનાવર કરડી જતાં મોત થયું

### રાજકોટ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

અમરેલી, અમરેલીના નાના ભંડારીયા ગામે રહેતાં રોહીતભાઈ હીરપરાની દિકરી મનસ્વી (ઉ.વ.૪)નું ઝેરી જનાવર કરડી જતાં મોત થયું છે.

જાણવા મળ્યા મુજબ મનસ્વીને કોઈ જનાવર કરડી જતાં પ્રથમ અમરેલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ અહિ ગત રાતે સારવારમાં મોત થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂએ જરૂરી કાર્યવાહી કરી કાગળો અમરેલી પોલીસને મોકલવા તજવીજ કરી હતી.

## જેનો પદગ્રહણ સમારોહ વિવાદમાં આવ્યો તે કોંગ્રેસના નવનિયુક્ત જિલ્લા પ્રમુખની પ્રતિક્રિયા

## ખેડુતોની બળતરા ઠાલવવા જતા શ્રી વિરજીભાઇ ઠુંમરની જીભ લપસી હતી : શ્રી પ્રતાપ દુધાત

### કિસાનોની વેદનાને લઇ આવેશમાં આવેલ શ્રી વિરજીભાઇ ઠુંમરનાં હૈયાની વરાળ આવા સ્વરૂપે બહાર આવી હતી

અમરેલી, જેનો પદગ્રહણ સમારોહ વિવાદમાં આવ્યો તે અમરેલી કોંગ્રેસના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય મંત્રી વિશે શ્રી વિરજીભાઈનાં અપમાનજનક વિધાનો અંગેની પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ખેડુતોની બળતરા ઠાલવવા જતા શ્રી વિરજીભાઈની જીભ લપસી હતી અને કિસાનોની વેદનાને લઈ આવેશમાં આવેલ શ્રી ઠુંમરનાં હૈયાની વરાળ આવા સ્વરૂપે બહાર આવી હતી હતી.

## રાજુલા નજીક કુંડલીયાળા ગામે યુવાને ગળાફાંસો ખાઇ લેતા મોત



અમરેલી, રાજુલાના કુંડળીયાળા ગામે હરેશભાઈ પુનાભાઈ હડિયાની વાડીમાં સવાર ના ૯.૦૦ વાગ્યા આસપાસ હરેશભાઈ દુલાભાઈ બારૈયા ઉમર વર્ષ ૨૨ જેને લીમડાના વૃક્ષ નીચે લટકી આત્મહત્યા કરી આ યુવાન હરેશભાઈ પુનાભાઈ હરિયાની વાડીએ આત્મહત્યા કરેલી જે રતુભાઈ ભોપાભાઈ મોણપરીયાની નજર પડતા તેમને ડુંગર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પીઆઈ પી.એ.ચૌધરી અને એમનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયેલ આ ઘટના ની જાણ ગામ માં થતા લોકો ના ટોળે ટોળા ઉમટી પડેલ ડુંગર પોલીસ દ્વારા રાજુલા નગરપાલિકા ને જાણ કરતા રાજુલા નગર પાલિકા ની શબવાહિની મારફત આ યુવાન ના મૃતદેહ રાજુલા સરકારી હોસ્પિટલે પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવેલ ડુંગર પોલીસે આ ઘટના બાબતે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે આ ઘટના હત્યા કે આત્મહત્યા ? આ બાબતે ડુંગર પોલીસ દ્વારા વિશેષ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

### દુધાત પરિવારને જાહેર જીવન ગળથુથીમાં છે

## પિતા પ્રતાપભાઇ માટે પુત્ર યુવરાજ દુધાત દેહરાદુનથી ટપુ સેના સાથે અમરેલી આવ્યો

### ૧૧ વર્ષનાં યુવરાજ દુધાતે કોંગ્રેસના પદગ્રહણ સમારોહમાં રાજકીય લેશન પણ કર્યુ



અમરેલી, દુધાત પરિવારને જાહેર જીવન ગળથુથીમાં હોય તેમ જિલ્લા કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ અને પુર્વ ધારાસભ્ય એવા પિતા પ્રતાપભાઈ માટે પુત્ર યુવરાજ દુધાત દેહરાદુનથી ટપુ સેના સાથે અમરેલી આવ્યો હતો દેહરાદુનમાં અભ્યાસ કરતો ૧૧ વર્ષનાં યુવરાજ દુધાતે કોંગ્રેસના પદગ્રહણ સમારોહમાં રાજકીય લેશન પણ કર્યુ હતુ.

### ગાંધીનગર જિલ્લામાં દીપડાના આંટાફેરાથી લોકોમાં ફફડાટ




**મકાન ખરીદ કરવાની અમુલ્ય તક... તકને તેડા ન હોય..**

લાઠી રોડ ઉપર કે.કે.પાર્કમાં ઉતર દ્વારનું 4BHK બંગલા ટાઇપ મકાન અરજન્ટ વેચવાનું છે

લાઠી રોડ એસ.ટી. ડિવીઝન સામે ૧૦૪ વારના પ્લોટમાં 2BHK પુર્વ દ્વારનું મોટા પાર્કિંગવાળુ મકાન આ મકાન પાર્ટીને અન્યત્ર શિફ્ટ થવાનું હોય અરજન્ટ વેચવાનું છે

લાઠી રોડ અમીધારા - ૨ માં ૬ લાખના વસાથી ખુલ્લો પ્લોટ
શિવલીલા પાઠક સ્કૂલ પાછળ ૮ લાખના વસાથી ચોખ્ખા પ્લોટ
ઇન્દીરા શાકમાર્કેટ પાસે દાદર નીચે દુકાન ચા ની કિટલી માટે ખાસ

શિવલીલામાં 2BHK + 2BHK + 2BHK કુલ ત્રણ તદન નવા જ મકાન પ્રોપર્ટી કાર્ડ સાથે માત્ર ૧૧.૯૯ લાખ

૫ અને તેથી વધુ વિઘાની ખેતીની જમીન વેચવાની છે અમરેલીથી ૧૫ થી ૨૦ કિ.મી.ના અંતરે ખેતીની પડતર જમીન

મકાન - દુકાન - પ્લોટ - ફ્લેટ - ખેતી જમીન લેવા - વેચવા કે ભાડેથી લેવા - દેવા માટે અમારી અવશ્ય મુલાકાત લ્યો

**લાભમ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪**

**અમરેલીમાં મોકાની જગ્યા વેચવાની / ભાડે આપવાની છે**

જુના માર્કેટીંગયાર્ડ રોડ ઉપર અતિ મોકાની ૧૧૫૫ સ્કવેર ફુટ જગ્યા, નગરપાલિકાનું પાણી અને ગટર કનેકશન સુવિધા સાથે અગાસી સાથે વેચવાની / ભાડે આપવાની છે

હોસ્પિટલ, બેંક, હોટેલ, શો-રૂમ તેમજ બીજા અનેક ધંધાને અનુકુળ અતિ મોકાની જગ્યા વેચવાની / ભાડે આપવાની છે

સરનામું :- જુના માર્કેટીંગયાર્ડ રોડ, હોટલ અવધની બાજુમાં, પહેલો માળ, શિવ કોમ્પલેક્ષ, અમરેલી

તા.ક. દલાલ ભાઇઓ આવકાર્ય છે

સંપર્ક : મો.૯૯૦૯૯ ૫૭૭૦૦, ૯૯૦૯૧ ૫૦૮૩૫




રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૨૭૬-૨૦૨૩
અરજદાર : શ્રી ભુરાભાઈ બેચરભાઈ ચૌહાણ રહે. ચાંચ, તા.રાજુલા
અરજદારના વિ.વ.શ્રી પી.એમ.બાબરીયા
સામાવાળા : તલાટી કમ મંત્રી ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના રહીશ શ્રી ભુરાભાઈ બેચરભાઈ ચૌહાણએ તેમના માતા નામે સ્વ.શ્રી મેષાબેન બેચરભાઈ ચૌહાણનું મરણ તા.૧૫-૦૫-૨૦૦૧ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ પી.એમ.બાબરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા મરણ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખું હોય તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૬-૧૦-૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

**બંદુક વેચવાની છે**

બાર બોર સિંગલ બેરલ (ટુકડો) બંદુક વેચવાની છે
હથીયારનું લાયસન્સ ધારણ કરનારાઓ તથા ગુજરાત રાજ્યના જુદા જુદા જિલ્લાનાં હથીયાર ધારક વેપારીઓને વિનંતી આ બંદુક વેચવાની છે
સંપર્ક : રીટા.પો.ઇન્સ. ડી.એન.માંજરીયા
મો.નં.૯૪૨૯૪ ૧૫૯૮૫ અમરેલી



**જોઇએ છે**

- સેલ્સમેન - ૨
- મીકેનીક - ૨
- હેલ્પર - ૨
- ડેટા એન્ટ્રી ઓપરેટર - ૨

રસ ધરાવતા વ્યક્તિઓ પોતાના બાયોડેટા સાથે સંપર્ક કરો
મનહર હોન્ડા માર્કેટયાર્ડ સામે, બાબરા
મો.૯૯૦૪૭ ૦૨૧૫૪, ૯૪૦૯૬ ૫૨૧૦૪

૧૦-૨૦ મીનીટ યોગ કરવાથી
**ચમત્કારીક લાભ**
અને મોટા ભાગની શરીરની તકલીફોમાં રાહત થાય છે... મળો
**વિનુભાઇ છાશવાળાને**
ઇન્દીરા માર્કેટ સામે, સિધ્ધી વિનાયક શેરીમાં, અમરેલી
મો.૯૪૨૭૪ ૨૯૨૬૧ - ૯૬૬૪૬ ૮૯૮૬૬
અમારા છાશના ધંધા માટે સેલ્સમેનની જરૂર છે

**દુકાનો વેચવાની છે**
અમરેલીમાં માણેકપરા મેઇન રોડ ઉપર
૯ X ૩૦ ની માપ સાઇઝની દુકાન
૮॥ X ૩૫ ની માપ સાઇઝની દુકાન
દસ્તાવેજ PR કાર્ડ સાથેની
દુકાન વેચવાની છે
સંપર્ક : મો.૯૮૭૯૩ ૨૪૬૨૪

## માવઠાથી ખેતીમાં થયેલ નુકશાનીનો સર્વે કરી વળતર ચુકવવા ભાજપ અગ્રણીશ્રી ભાસ્કરભાઇ પટેલની માંગણી

અમરેલી,લીલીયા તાલુકામાં તાજેતરમાં તા. ૨૬-૧૧ના માવઠાના વરસાદથી લગભગ સૌરાષ્ટ્ર અને ગુજરાતના ઘણાખરા જીલ્લામાં ખેતી વાડીમાં ખુબ મોટું નુકશાન થયેલ છે. જેમાં અમરેલી જીલ્લો તેમાં લીલીયા તાલુકામાં વિશેષ નુકશાન થયુંછે. તો સત્વરે સરકાર દ્વારા સર્વે કરાવી ખેડુતોને વળતર ચુકવવું જોઈએ. ગત ચોમાસું નબળુ થયું જેના કારણે ખેતીવાડીમાં પાસ નિષ્ફળ ગયો અને અપુરતા વરસાદથી ઉત્પાદન ઓછુ આવ્યુ અને ભાવ પણ પુરતા ન મળ્યા અને છેલ્લે માવઠાના વરસાદથી નુકશાન થયું. જેથી ખેડુતોને ઘણી આર્થિક નુકશાની સહન કરવાનો વારો આવ્યો. જેથી રાજયના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા યોગ્ય કાર્યવાહી કરી ખેડુતોને મદદરૂપ બનવા લીલીયા તાલુકા ભાજપ શિક્ષણસેલના પૂર્વ કન્વીનર ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે.

**શ્રી અષ્ટાંગ હોસ્પિટલ**
વૈદ્ય જાગૃતિ ભાડ (આયુર્વેદાચાર્ય) B.A.M.S., PGDYN
શું તમે ઘુંટણ, પેની, ખંભા, હાથ, પગના સાંધાના દુઃખાવાથી પરેશાન છો ?
તો આજે જ અગ્નિકર્મ - આયુર્વેદ ચિકિત્સાથી રાહત મેળવો
મગજ અને માનસિક રોગોના નિષ્ણાંત ડોક્ટર અહીં મળશે
સ્થળ : સંજીવની કોમ્પલેક્ષ, પહેલા માળે, સહજાનંદ માર્કેટ સામે, IDBI બેન્કની બાજુમાં, સ્ટેશન રોડ અમરેલી. Ph.: (02792) 221177

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં



કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧




દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

મારૂતી ઇકો ગાડીનું તદન નવુ જ 4 x 4 કેરીયર અને પાછળની 2 x 2 ની બે સીટ વેચવાની છે
સંપર્ક અમરેલી : મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

**જુની બિલ્ડીંગ તોડવાનું કામ ચાલુ છે**
જુની લોખંડની ગ્રીલો, જુના લોખંડના બારી દરવાજા, તેમાંથી નીકળેલી ઇંટો વિગેરે વ્યાજબી ભાવે વેચવાના છે
જુની પોલીસ લાઇન, ખાખબાઇ રોડ, રાજુલા
જીગાભાઇ મો.૮૭૮૦૪ ૦૪૦૮૭
હસુભાઇ મો.૯૩૨૮૬ ૧૦૩૫૨

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઇમ્સ
તા.૨૩-૧૨-૨૦૨૩ શનિવાર

# જરી-પુરાણા કાયદાઓનું નવીનીકરણ કરીને ભાજપે તતામ વિપક્ષોને તો દંગ કરી દીધા છે

ભારતમાં અંગ્રેજોના સમયથી અમલી કાયદા અને કાયદાકીયપ્રક્રિયા બદલવાની દિશામાં એક મોટું પગલું ભરીને લોકસભાએ ત્રણ નવા ક્રિમિનલ બિલ પાસ કરી દીધા છે. આપણે ત્યાં આઝાદી પહેલેથી ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી), કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી) અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ (આઈઈએ) અમલમાં છે. આ પૈકી કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી) ૧૯૭૩માં અમલી બનેલો જ્યારે ઈન્ડિયન એવિડન્સ એક્ટ (આઈઈએ) ૧૮૭૨માં અમલમાં આવેલો. ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી) તો તેનાથી પણ જૂનો એટલે કે ૧૮૬૦નો કાયદો છે.

બાવા આદમના નહીં પણ બાવા બ્રિટિશના કાળના આ કાયદા જરીપુરાણા થઈ ગયેલા ને ઘણા કાયદા તો હાસ્યાસ્પદ થઈ ગયેલા. મોદી સરકારે એક પ્રસંશનિય પહેલ કરીને આ ત્રણેય કાયદાને સ્થાને આજના જમાનાને અનુરૂપ નવા કાયદા બનાવ્યા છે. આ નવા કાયદામાં ધ ભારતીય ન્યાય (સેક્ન્ડ) સંહિતા ૨૦૨૩ ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી)નું સ્થાન લેશે જ્યારે ભારતીય નાગરિક સુરક્ષા (સેકન્ડ) સંહિતા ૨૦૨૩ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર (સીઆરપીસી)ના સ્થાને આવશે.

ઈન્ડિયન એવિડન્સ એક્ટના સ્થાને ભારતીય સાક્ષ્ય (સેક્ન્ડ) સંહિતા બિલ ૨૦૨૩ અમલમાં આવશે. લોકસભામાં આ કાયદા પસાર થઈ ગયા પછી હવે રાજ્યસભામાં મોકલવામાં આવશે. રાજ્યસભામાં ત્રણેય કાયદા પસાર થયા બાદ રાષ્ટ્રપતિ પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે. લોકસભામાં વિપક્ષના મોટા ભાગના સાંસદોને સસ્પેન્ડ કરી દેવાયા છે તેથી તેમની ગેરહાજરીમાં આ ત્રણેય કાયદા પસાર થઈ ગયા. રાજ્યસભામાં પણ મોટા ભાગના વિપક્ષી સાંસદો સસ્પેન્ડ છે એ જોતાં રાજ્યસભામાં પણ આ કાયદા પસાર કરવામાં વધારે વાર નહીં લાગે. એ પછી તરત જ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પાસે સહી માટે જશે. આ બધી પ્રક્રિયામાં માંડ બે મહિના લાગશે એ જોતાં સંસદનું બજેટ સત્ર શરૂ થતાં પહેલાં તો દેશમાં ત્રણ નવા કાયદા અમલી બની ગયા હશે.

મોદી સરકારે જૂના કાયદાના સ્થાને નવા કાયદા લાવીને સારું કામ કર્યું છે તેમાં કોઈ શક નથી. એ સમયની માગ હતી ને મોદી સરકારે સમયની માગને સમજીને કાયદા બદલ્યા છે. અંગ્રેજોના જમાનાના કેટલાક કાયદા હાલના સમયમાં અપ્રસ્તુત બની ગયા છે તેથી તેમને દૂર કરાયા છે જ્યારે નવા જમાના પ્રમાણે કેટલાક કાયદા ઉમેરવામાં આવ્યા છે ને કેટલાક અપરાધોની સજામાં પણ ફેરફાર કરાયો છે.

ઉદાહરણ તરીકે બ્રિટિશયુગનો રાજદ્રોહ કાયદો નાબૂદ કરવામાં આવ્યો છે ને તેના સ્થાને નવો દેશદ્રોહનો કાયદો લવાયો છે. રાજદ્રોહના કાયદામાં સરકારની ટીકા કરનારને પણ જેલમાં ધકેલવાની જોગવાઈ હતી. અંગ્રેજોએ પોતાની સામે ઉઠનારા અવાજોને દબાવવા આ કાયદો બનાવેલો પણ હવે દેશ આઝાદ થઈ ગયો છે. લોકશાહી દેશમાં કોઈપણ વ્યક્તિ સરકારની ટીકા કરી શકે છે. આ લોકોનો અધિકાર છે તેથી ટીકા બદલ જેલમાં ધકલવાનો કાયદો ના ચાલે.

દેશદ્રોહનો કાયદો રાજદ્રોહથી બિલકુલ અલગ છે. દેશદ્રોહના કાયદામાં કોઈ વ્યક્તિ દેશની સુરક્ષા અથવા સંપત્તિને નુકસાન પહોંચાડવા માટે કંઈ પણ કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. કોઈ વ્યક્તિ હથિયારો ઉઠાવીને સશસ્ત્ર વિરોધ કરે કે બોમ્બવિસ્ફોટ કરે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ યોગ્ય પણ છે કેમ કે દેશ સામે બળવો કરનારને મુક્ત રહેવાનો કોઈ અધિકાર નથી. આ કાયદામાં આતંકવાદની પણ વ્યાખ્યા કરવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાને જોખમમાં નાખીને ભય ફેલાવશે તેને આતંકવાદી ગણવામાં આવશે અને જેલભેગા કરાશે. આતંકવાદી કૃત્યો કરનારાઓ પ્રત્યે દયા ન રાખવી જોઈએ એ સાચી વાત છે ને આવા કાયદાની જરૂર હતી જ.

સગીર પર બળાત્કાર અને મોબ લિંચિંગ જેવા ગુના માટેની સજામાં પણ વધારો કરાયો છે. સગીર પર બળાત્કાર અને મોબ લિંચિંગ જેવા ગુના માટે ફાંસી એટલે કે મૃત્યુદંડ આપવામાં આવશે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની બાળકી પર બળાત્કાર કરવા બદલ આજીવન કેદ અને મૃત્યુદંડની જોગવાઈ કરાઈ છે. ગેંગરેપના દોષિતોને ૨૦ વર્ષ સુધીની કેદ અથવા જીવે ત્યાં સુધી કેદની સજા થશે.

નવા કાયદામાં મહત્વનો ફેરફાર કરીને બિન ઈરાદાપૂર્વકની હત્યાને બે કેટેગરીમાં વહેંચી દેવામાં આવી છે. સૂચિત કાયદામાં વાહન ચલાવતી વખતે અકસ્માત થાય અને આરોપી ઘાયલને પોલીસ સ્ટેશન કે હોસ્પિટલમાં લઈ જાય તો તેને ઓછી સજા આપવામાં આવશે. હિટ એન્ડ રન કેસમાં ૧૦ વર્ષની સજા થશે. આ પહેલાં સ્નેચિંગ માટે કોઈ કાયદો ન હતો પણ હવે સ્નેચિંગના કેસમાં સજા માટે કાયદો બની ગયો છે. એ જ રીતે કોઈ વ્યક્તિને માર મારવામાં આવે અને વ્યક્તિ બ્રેઈન ડેડ થઈ જાય તો પણ આરોપીને ૧૦ વર્ષની કેદની સજા થશે.

આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં છે પણ આવા ઘણા ફેરફારો કરાયા છે. જો કે વધારે મહત્ત્વની બાબત લોકોને ન્યાય મળે એ માટે લેવાયેલી કાળજી અને તેને લગતી જોગવાઈઓ છે. આ પૈકી સૌથી મહત્વની જોગવાઈ એ છે કે, કોઈ પણ કેસમાં પોલીસે ત્રણ દિવસમાં રિપોર્ટ આપવો પડશે. ભારતમાં ગરીબોને ન્યાય મળવો મુશ્કેલ છે. બંધારણમાં બધાંને સરખાં ગણાયાં છે પણ ગરીબ વ્યક્તિ ન્યાય મેળવવા જાય તો જૂતાં ઘસાઈ જાય તો પણ ન્યાય નહોતો મળતો. બલકે ફરિયાદ જ નહોતી નોંધાતી.

ફરિયાદ નોંધાય તો તપાસ થતી નહોતી કેમ કે સીઆરપીસીમાં પોલીસે કેટલા સમયમાં શિક્ષાત્મક કાર્યવાહી તેની કોઈ સમય મર્યાદા નહોતી. પોલીસ ૧૦ કલાકમાં પણ તપાસ કરી નાંખે ને ૧૦ વર્ષ પછી પણ તપાસ ના કરી હોય એવું બનતું પણ હવે ત્રણ દિવસમાં રિપોર્ટ દાખલ કરવાનો રહેશે. એ જ રીતે રેપ પીડિતાનો રિપોર્ટ પણ સાત દિવસમાં પોલીસ સ્ટેશન અને કોર્ટમાં મોકલવાનો રહેશે.

### અમરેલી એસઓજી ટીમ ત્રાટકી
# ખાંભાના લાસા ગામની સીમમાં ચાર કિલો ગાંજો ઝડપાયો
## ૪ કિલો ૧૮૫ ગ્રામ ગાંજો તથા મોબાઈલ મળી કુલ રૂા.૪૨,૩૫૦ નો મુદામાલ કબ્જે કરાયો : એક શખ્સ ઝડપાયો

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) ખાંભા તાલુકાના લાસા ગામ તળની બાજુમાં આવેલ વાડી ખેતરે લવજીભાઈ કાનજીભાઈ કણસાગરાના મકાનના પાછળના ભાગે તથા કબ્જા ભગોવટાની વાડી ખેતરમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ સુકો ભેજયુકત ગાંજો તથા નાના મોટા લીલા ગાંજાના છોડ નંગ-૧૦૪ મળી કુલ ૪ કિલો ૧૮૫ ગ્રામ રૂ/-૪૧,૮૫૦ તથા કિપેઈડ મોબાઈલ રૂ/-૫૦૦ મળી કુલ રૂ/-૪૨,૩૫૦ ના મુદામાલ સાથે લવજી કાનજીભાઈ કણસાગરાને અમરેલી એસઓજીના પી.એસ.આઈ. એન.બી. ભટે ઝડપી પાડયો હતો.

### મરીન પોલિસ મથકના પરીસરમાં
# જાફરાબાદમાં આગ લગાડી બે બાઈકને નુકશાન કર્યું
## જાફરાબાદના શખ્સે બે બાઈક સળગાવી રૂા.૨૫,૦૦૦ નું નુકશાન કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) જાફરાબાદ મરીન પોલિસ મથકના પરીસરમાં ડીટેઈન કરેલ ટીવીએસ જયુપીટર જી.જે. ૧૪ બી.બી. ૫૫૩૨ નું રાખેલ હોય. જેથી જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં રહેતા વિઠલ તુલસીભાઈ સોલંકીએ પોલિસ સ્ટેશનના પરીસરમાં બાઈક ઉપર ડિઝલ છાંટી આગ લગાડી માણસની જીંદગી જોખમમાં મુકાઈ તેવું કૃત્ય કરી રૂ/-૨૦,૦૦૦ નું નુકશાન કરી બાજુમાં પડેલ બજાજ ડિસ્કવર જી.જે. ૧૧ એ.પી. ૯૦૬૭માં પણ આગના કારણે રૂ/-૫૦૦૦ નું નુકશાન કરી ગુનો કર્યાની એ.એસ.આઈ. મીલાબેન અડતરીયાએ જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ડેડાણમાં વરલી મટકાનો જુગાર રમાડતા ત્રણ શખ્સો ઝડપાયા
## પોલિસે રોકડ ૩ મોબાઈલ અને સાહિત્ય મળી રૂા.૩૧,૧૦૦ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ખાંભા તાલુકાના ડેડાણ ગામે જાહેરમાં આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમાડતા મહેશ ભુપતભાઈ ગરેણીયા, યાસીર લતીફભાઈ ખોખર, લતીફ ઉસ્માનભાઈ ખોખરને પો. કોન્સ, મિતેશભાઈ વાળાએ રોકડ રૂ/-૧૪,૧૦૦, ત્રણ મોબાઈલ રૂ/-૧૭,૦૦૦ અને સાહિત્ય મળી કુલ રૂ/-૩૧,૧૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

### લગ્ન કરવાના ઈરાદે
# રાજુલાના નવા આગરીયામાં સગીરાને ભગાડી ગયો
## સગીરાના પિતાએ રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

અમરેલી,રાજુલા તાલુકાના નવા આગરીયા ગામે સગીરાને તેના જ ગામનો ભરત મનુભાઈ બગડા લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયાની સગીરાના પિતાએ રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં દુકાન પાસે પાર્ક કરેલ બાઈક ચોરાયું

અમરેલી,સાવરકુંડલા જુના બસસ્ટેશન પાસે નારાયણ સેલ નામની દુકાન પાસે પાર્ક કરેલ હોન્ડા સાઈન જી.જે. ૧૪એન. ૨૮૩૫ રૂ/-૨૦,૦૦૦ ની કિંમતનું કોઈ ચોરી ગયાની રવિકુમાર રતિલાલ ટાંકે સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર) સાવરકુંડલા મણીભાઈ સર્કલથી કેવડાપરા સુધીમાં નીરવભાઈ સુરેશભાઈ ગણાત્રાનો વીવો કંપનીનો મોબાઈલ રૂ/-૧૦,૦૦૦ ની કિંમતનો ખીસ્સામાંથી પડી જતા કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ રવિવારે રાજકોટમાં : પાટીદાર સ્નેહ મિલન તથા અન્ય કાર્યક્રમોમાં હાજરી આપશે

## ઢસામાં યુવા મતદાર જાગૃતિ મહોત્સવ યોજાયો



ઢસા,ચૂંટણી પંચની સૂચના અનુસાર યુવા મતદાર જાગૃતિ મહોત્સવ- ૨૦૨૩નું ૫/૫ કક્ષાનું આયોજન ગઢડા મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં કેટેગરીમાં મતદાર જાગૃતિ અંગેનો ઓડિયો, શોર્ટ વિડિયો અને ઈ-પોસ્ટર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત ત્રણેય સ્પર્ધામાં આર.જે.એચ.હાઈસ્કૂલ ઢસા જંકશનના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. જેમાં (૧)વિડીયો સંદેશમાં ચૌહાણ વૈદેહી (૨)ઓડિયો સંદેશમાં ઘેલડા જેનીશા તથા (૩)ઈ-પોસ્ટર્સમાં ડોડીયા રાજવીરે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. તેમની આ કૃતિ માટે શાળાના શિક્ષક શ્રી એ.એલ.પટેલ અને ડી.આર.ભરાડે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના વહીવટદારશ્રી તથા શાળાના આચાર્યશ્રી ડો.જી.બી. હેરમા તથા સમગ્ર શાળા પરિવારે ૫૦૫ કક્ષાની સીશ્વન પ્રાપ્ત કરવા બદલ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી જિલ્લાના પોલીસ સ્ટેશન અધિકારીઓના મોબાઇલ નંબરો

અમરેલી જિલ્લામાં નાગરીકોની સુરક્ષા, શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે અમરેલી જિલ્લા પોલીસ હંમેશા કટિબધ્ધ છે. અમરેલી જિલ્લામાં વસતા નાગરીકો કોઈપણ સમયે તેમના સંબધિત પોલીસ સ્ટેશનનો સિધોજ સંપર્ક કરી શકે તે હેતુસર, મ્હે.પોલીસ અધિક્ષક શ્રી, હિમિકર સિંહનાઓ દ્વારા તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તથા પોલીસ સ્ટેશનના સંપર્ક નંબરોની યાદી તૈયાર કરાવડાવી છે. ઉપરોક્ત નંબરો પોલીસ સ્ટેશનમાં કાયમી ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત જિલ્લાના નાગરિકોને કોઈ પણ સમસ્યા હોય તો અત્રે જિલ્લાના પોલીસ કંટ્રોલ નંબર ૧૦૦ અથવા ૦૨૭૯૨-૨૨૩૪૯૮ પર સંપર્ક કરી શકે છે.

| અ. નં. | પોલીસ સ્ટેશનનું નામ | PI/PSIશ્રીના મોબાઇલ નંબર | પોલીસ સ્ટેશનના મોબાઇલ નંબર | અ. નં. | પોલીસ સ્ટેશનનું નામ | PI/PSIશ્રીના મોબાઇલ નંબર | પોલીસ સ્ટેશનના મોબાઇલ નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી સીટી | ૬૩૫૯૬-૨૭૯૨૫ | ૬૩૫૯૬-૨૭૯૩૦ | ૧૨ | વંડા | ૬૩૫૯૬-૨૭૮૯૮ | ૬૩૫૯૬-૨૭૮૯૪ |
| ૨ | અમરેલી તાલુકા | ૬૩૫૯૬-૨૭૯૨૭ | ૬૩૫૯૬-૨૭૯૨૬ | ૧૩ | ચલાલા | ૬૩૫૯૬-૨૭૯૨૧ | ૬૩૫૯૬-૨૭૮૭૯ |
| ૩ | લાઠી | ૬૩૫૯૬-૨૭૯૧૪ | ૬૩૫૯૬-૨૯૦૬૪ | ૧૪ | ધારી | ૬૩૫૯૬-૨૭૮૯૨ | ૬૩૫૯૬-૨૭૮૮૮ |
| ૪ | લીલીયા | ૬૩૫૯૬-૨૭૯૦૦ | ૬૩૫૯૬-૨૭૯૨૩ | ૧૫ | ખાંભા | ૬૩૫૯૬-૨૭૮૯૫ | ૬૩૫૯૬-૨૭૮૯૧ |
| ૫ | દામનગર | ૬૩૫૯૬-૨૮૯૯૦ | ૬૩૫૯૬-૨૯૦૬૨ | ૧૬ | રાજુલા | ૬૩૫૯૬-૨૭૯૦૯ | ૬૩૫૯૬-૨૭૯૧૧ |
| ૬ | બાબરા | ૬૩૫૯૬-૨૫૮૯૫ | ૬૩૫૯૬-૨૮૯૯૧ | ૧૭ | મરીન પીપાવાવ | ૬૩૫૯૬-૨૭૮૯૩ | ૬૩૫૯૬-૨૭૮૯૭ |
| ૭ | બગસરા | ૬૩૫૯૬-૨૭૯૦૩ | ૬૩૫૯૬-૨૭૯૦૧ | ૧૮ | નાગેશ્રી | ૬૩૫૯૬-૨૭૮૮૪ | ૬૩૫૯૬-૨૭૮૯૯ |
| ૮ | વડિયા | ૬૩૫૯૬-૨૭૯૧૮ | ૬૩૫૯૬-૨૭૯૧૭ | ૧૯ | જાફરાબાદ ટાઉન | ૬૩૫૯૬-૨૭૮૮૧ | ૬૩૫૯૬-૨૭૮૮૯ |
| ૯ | મહિલા પો.સ્ટે. | ૬૩૫૯૬-૨૯૦૫૦ | ૬૩૫૯૬-૨૮૯૮૪ | ૨૦ | જાફરાબાદ મરીન | ૬૩૫૯૬-૨૭૯૦૮ | ૬૩૫૯૬-૨૯૦૦૧ |
| ૧૦ | સાવરકુંડલા ટાઉન | ૬૩૫૯૬-૨૭૯૦૭ | ૬૩૫૯૬-૨૭૯૦૫ | ૨૧ | ડુંગર | ૬૩૫૯૬-૨૭૮૮૭ | ૬૩૫૯૬-૨૭૮૮૩ |
| ૧૧ | સાવરકુંડલા રૂરલ | ૬૩૫૯૬-૨૭૮૮૨ | ૬૩૫૯૬-૨૭૮૯૦ | ૨૨ | સાયબર ક્રાઇમ પો.સ્ટે. | ૬૩૫૯૬-૨૮૯૮૭ | ૬૩૫૯૬-૨૯૦૦૩ |

@SP_Amreli SP Amreli sp_amreli sp-amr@gujarat.gov.in

POLICE HELPLINE-100 WOMEN HELPLINE-181 CYBERCRIME HELPLINE-1930 POLICE CONTROL ROOM-02792 223498




### સ્વ. હેમતભાઈ પટેલનું આકસ્મિક નિધન થતાં
# અમરેલીમાં ૨૪મીએ શોકસભા યોજાશે
## સ્વ. દ્વારકાદાસભાઈ પટેલના પુત્ર હેમંતભાઇનું નિધન થતા શોકાંજલી પાઠવાશે

અમરેલી,
અમરેલીમાં ૨૪મી શોકસભા યોજી હેમંતભાઈ પટેલને શ્રધ્ધાસુમન અર્પણ કરાશે.સમાજમોભી, સહકારીઆગેવાન, કન્યા કેળવણીના હિમાયતી સ્વ.દ્વારકાદાસભાઈ પટેલના પુત્ર અને મુબઈ સ્થિત વ્યવસાયીક અગ્રણી સ્વ.હેમતભાઈ દ્વારકાદાસભાઈ પટેલનુ આકસ્મિક અવસાન થતા સદ્ગત આત્માને શ્રધ્ધાંજલી પાઠવવા પટેલ પરીવાર-અમરેલી દ્વારા તા. ૨૪/૧૨/ ૨૦૨૩, રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે, પટેલ કન્યા છાત્રાલય, કેરીયા રોડ, અમરેલી ખાતે શોકસભાનુ આયોજન કરવામા આવેલ છે. શોકસભામાઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી સહિત સમાજ આગેવાનો ઉપસ્થિત રહી શ્રધ્ધાંજલી પાઠવશે તેમ સંસ્થા મંત્રી મેહલભાઈ ધોરાજીયા, રાજેશભાઈ માગરોળીયાની સયુકત અખબારી યાદીમા જણાવાયેલ છે.

# અમરેલીસ કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજના ખેલાડીએ ૮૦૦મીટર દોડનો રેકોર્ડ તોડયો

અમરેલી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વાર્ષિક ખેલકુદ સ્પર્ધામાં સંસ્થાના વિદ્યાર્થી મહેન્દ્ર એ. ચૌહાણ તા.૧૭/૧૨/૨૦૨૩ના રોજ રમાયેલ ૮૦૦ મીટર દોડ સ્પર્ધામાં રેકોર્ડ બ્રેક કરી વિજેતા બનેલ છે. જેણે આ દોડ ૨:૦૦ મીનીટમાં પુરી કરી હતી જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજ સુધીનો સૌથી ઓછો ટાઈમ છે. આ તકે વિદ્યાસંસ્થાના પ્રિન્સિપાલ તથા તમામ અધ્યાપકોએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા

# જાફરાબાદ નજીક ટીંબીમાં દુષ્કર્મના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો
## આરોપી તરફે વકીલ શ્રી ભાવેશભાઈ આર. સીંધવની દલીલો નામદાર કોર્ટએ ગ્રાહ્ય રાખી



રાજુલા,
